# એક હોર્સપાવર (HP) બરાબર કેટલા વૉટ્સ થાય?

**1. કટોકટીની ઉદ્ઘોષણા અમલમાં હોય તે દરમિયાન સંવિધાનના ક્યા અનુચ્છેદ હેઠળના મૂળભૂત હકની જોગવાઇ મોકૂફ રહે છે?**
(૧) અનુચ્છેદ ૧૯ (૨) અનુચ્છેદ ૨૦
(૩) અનુચ્છેદ ૨૨ (૪) અનુચ્છેદ ૨૫

**2. સંસદનું સત્ર ચાલુ ન હોય ત્યારે વટહુકમો પ્રસિદ્ધ કરવાની સત્તા ભારતના રાષ્ટ્રપતિને બંધારણનો ક્યો અનુચ્છેદ આપે છે?**
(૧) અનુચ્છેદ ૨૦૧ (૨) અનુચ્છેદ ૧૨૪
(૩) અનુચ્છેદ ૧૨૩ (૪) અનુચ્છેદ ૧૬૬

**3. બંધારણનો ક્યો અનુચ્છેદ સુપ્રીમ કોર્ટને ભારતની કોઇ પણ વડી અદાલતમાં નિકાલ થવાનો બાકી હોય તેવો કોઇ કેસ બીજી કોઇ વડી અદાલતને તબદીલ કરવાની સત્તા આપે છે?**
(૧) અનુચ્છેદ 138 (૨) અનુચ્છેદ 140
(૩) અનુચ્છેદ 141 (૪) અનુચ્છેદ 139A(2)

**4. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઇ ભારતના બંધારણના ક્યા અનુચ્છેદમાં કરવામાં આવેલી છે.**
(૧) અનુચ્છેદ ૩૬ થી ૫૧ (૨) અનુચ્છેદ ૩૬ થી ૫૫
(૩) અનુચ્છેદ ૩૫ થી ૪૦ (૪) અનુચ્છેદ ૩૫ થી ૪૯

**5. પંચાયતની ચૂંટણીમાં ભાગ લેવા માટે ઉમેદવારની ઉંમર કેટલી હોવી જોઇએ?**
(૧) ૨૧ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૨) ૨૫ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૩) ૩૦ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૪) ૧૮ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ

**6. બંધારણનો અનુચ્છેદ ૩૧૨ કોને સ્પર્શે છે?**
(૧) અખિલ ભારતીય સેવાઓની રચના
(૨) મુખ્ય ચૂંટણી કમિશનરની સત્તાઓ
(૩) સંસદીય વિશેષાધિકારોનો ભંગ
(૪) વડાપ્રધાનની સત્તાઓ

**7. અનુચ્છેદ ૩૧૧ હેઠળ નીચે પૈકીના કોને રક્ષણ મળે છે?**
(૧) તમામ ગવર્નમેન્ટ સર્વન્ટ્સ (૨) તમામ પબ્લિક સર્વન્ટ્સ
(૩) કેન્દ્ર સરકારના સિવિલ સર્વન્ટ્સ
(૪) કેન્દ્ર તથા રાજ્ય સરકારના સિવિલ સર્વન્ટ્સ

**8. ભારતીય બંધારણમાં આપાતકાળ દરમિયાન મૂળભૂત હકોની મોકૂફીની જોગવાઇની પ્રેરણા ક્યા દેશના બંધારણમાંથી લેવામાં આવી છે?**
(૧) યુનાઇટેડ સ્ટેટ્સ (૨) ફ્રાન્સ (૩) જર્મની (૪) જાપાન

**9. ભારતીય બંધારણ ઘડતી વખતે જાપાનના બંધારણમાંથી શેની પ્રેરણા લેવામાં આવી હતી?**
(૧) કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા (૨) ફેડરલ સ્કીમ
(૩) ગવર્નરનું પદ (૪) મૂળભૂત ફરજો

**10. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ અને રાજ્યસભાના સદસ્યોનું નોમિનેશનની જોગવાઇની પ્રેરણા ક્યા દેશના બંધારણમાંથી લેવાઈ છે?**
(૧) આયરલેન્ડ (૨) ફ્રાન્સ
(૩) ઓસ્ટ્રેલિયા (૪) યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા

**11. ભારતના બંધારણમાં "સુધારાની પ્રક્રિયા અને રાજ્ય સભાના સદસ્યોની ચૂંટણી" અંગેની પ્રેરણા ક્યા દેશના સંવિધાનમાંથી લેવાઈ છે?**
(૧) જર્મની (૨) રશિયા (૩) દક્ષિણ આફ્રિકા (૪) બ્રિટન

**12. રોમન પદ્ધતિ અનુસાર LXIX નીચે પૈકીની કઇ સંખ્યા દર્શાવે છે?**
(૧) ૧૧૬૯ (૨) ૯૬૯ (૩) ૬૯ (૪) ૨૧૦

**13. 9, 12, 16, 19, 23, 26, 30 પછી કઈ સંખ્યા આવે?**
(૧) ૩૨ (૨) ૩૩ (૩) ૩૪ (૪) ૩૫

**14. "બલસ્ય મૂલં વિજ્ઞાનમ્" આ સૂત્ર કઈ સંસ્થાના લોગોમાં છે?**
(૧) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી
(૨) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન
(૩) ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન
(૪) ભારતીય નૌકાદળ

**15. સ્ટેનલેસ સ્ટીલના ઉત્પાદન માટે લોખંડની કાચી ધાતુ સાથે કઇ ધાતુનું મિશ્રણ કરવામાં આવે છે?**
(૧) તાંબુ (૨) ટંગસ્ટન
(૩) ક્રોમિયમ અને નિકલ (૪) પોટેશિયમ

**16. નાગ, ત્રિશુલ, પિછોરા અને બરાક એ શું છે?**
(૧) લડાયક હેલિકોપ્ટર (૨) સબમરીન
(૩) લડાયક ડ્રોન (૪) મિસાઇલ

**17. કમ્પ્યૂટરના સંદર્ભમાં VIRUS એટલે?**
(૧) Vital Information Resources Under Seize
(૨) Vicious Information Resources Under Seize
(૩) Vital Information Reproduction Under Seize
(૪) Vital Information Resources Under Snatch

**18. પાણીની અંદરના અવાજનો પતો લગાવવા અને સમુદ્રનો ધ્વનિ રેકર્ડ કરવા માટે ...........નો ઉપયોગ થાય છે.**
(૧) હાયડ્રોમીટર (૨) હાયડ્રોફોન
(૩) વૉટરફોન (૪) ફેધોમીટર

**19. પાણીની ઉંડાઇ માપવા માટે ............નો ઉપયોગ થાય છે.**
(૧) થર્મોમીટર (૨) ફેધોમીટર
(૩) લૅક્ટોમીટર (૪) ગાલ્વાનૉમીટર

**20. એક હોર્સપાવર (HP) બરાબર કેટલા વૉટ્સ થાય?**
(૧) ૭૦૦ (૨) ૬૦૦ (૩) ૭૪૬ (૪) ૬૪૬

**21. કોઇ પણ ભાષાનો ઉપયોગ ક્યા હેતુ/હેતુઓ માટે થઈ શકે?**
(૧) અર્થગ્રહણ (૨) વિચારોની અભિવ્યક્તિ
(૩) સામાજિક વ્યવહાર (૪) ઉપરના તમામ માટે

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

**22. "પ્રોષિત" શબ્દનો અર્થ જણાવો.**
(૧) પરદેશ/ વિદેશ ગયેલું કે વસેલું
(૨) જેનો પતિ મરણ પામેલો તેવી સ્ત્રી
(૩) જેની પત્ની મરણ પામી હોય તેવો પુરુષ
(૪) ખુબ પૈસા કમાવવાની ઇચ્છા ધરાવતો નાયક

**23. "પતિ સાથે કલહ કરી રૂસણું લઈ બેઠેલી સ્ત્રી" માટે એક શબ્દ આપો.**
(૧) અભિસારિકા (૨) કલહાંતરિતા
(૩) ખંડિતા (૪) વાસકસજ્જા

**24. "વિપ્રલબ્ધા" એટલે શું?**
(૧) વિપ્રને પરણેલી સ્ત્રી
(૨) પતિ સામે ઝઘડો કરનારી સ્ત્રી
(૩) પ્રિયતમે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી સ્ત્રી
(૪) વિપ્રની જેમ દરિદ્રભાવે જીવતી સ્ત્રી

**25. મહારાજા ભગવતસિંહજીની પ્રેરણાથી રચાયેલો "ભગવદ્ગોમંડલ" ગ્રંથ કેટલા ભાગમાં વહેંચાયેલો છે?**
(૧) પાંચ (૨) સાત (૩) નવ (૪) અગિયાર

**26. ગધેડાનું બચ્ચું : ખોલકું, બકરાનું બચ્ચું : લવારું, ઊંટનું બચ્ચું?**
(૧) ભૂતડું (૨) પીલું (૩) પાડરું (૪) બોતડું

**27. "કામિની કોકિલા કેલિ કૂંજન કરે" - આ પંક્તિનો અલંકાર ઓળખાવો.**
(૧) વર્ણાનુપ્રાસ/વર્ણસગાઈ (૨) શબ્દાનુપ્રાસ
(૩) આંતરપ્રાસ/પ્રાસ સાંકળી (૪) અંત્યાનુપ્રાસ/ પ્રાસાનુપ્રાસ

**28. "ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે" અને "છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી" - આ પંક્તિઓનો અલંકાર ઓળખાવો.**
(૧) શબ્દાનુપ્રાસ (૨) પ્રાસાનુપ્રાસ
(૩) અર્થાલંકાર (૪) ઉપમા

**29. "જેની જશોદા માવલડી, ચરાવે ગોકુળ ગાવલડી" - આ ક્યો અલંકાર છે?**
(૧) ઉપમા (૨) અંત્યાનુપ્રાસ/પ્રાસાનુપ્રાસ
(૩) અનન્વય (૪) રૂપક

**30. "સાવ બાળકના સમું છે આ નગર" અને "અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા" - આ ક્યો અલંકાર છે?**
(૧) અનન્વય (૨) વ્યતિરેક (૩) રૂપક (૪) ઉપમા

**31. ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે ત્યારે .......... અલંકાર બને છે.**
(૧) રૂપક (૨) ઉપમા (૩) વ્યતિરેક (૪) અનન્વય

**32. ઉપમેય અને ઉપમાન એક જ હોય તેમ બતાવવામાં આવે ત્યારે ............ અલંકાર બને છે.**
(૧) ઉપમા (૨) વ્યાજસ્તુતિ (૩) રૂપક (૪) ઉત્પ્રેક્ષા

**33. "ગુણ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) મૂળ લક્ષણ (૨) અસર (૩) ધનુષ (૪) પરહિત

**34. નીચે પૈકી સાચી જોડણી કઈ છે તે જણાવો.**
(૧) પરીમીતિ (૨) પરિમિતિ (૩) પરિમીતિ (૪) પરીમીતી

**35. નીચે પૈકી "પોપટ"નો સમાનાર્થી શબ્દ ક્યો છે?**
(૧) શુક (૨) શુકતુંડક (૩) શુકનાભ (૪) શુકચ્છદ

**36. નીચેના વિકલ્પો પૈકી "વલોણું" શબ્દ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) રવઈથી દહીં ભાંગીને માખણ કાઢવું
(૨) ઢોરને ચાબુક વડે હાંકવા
(૩) ખેતરમાં પક્ષીઓને ભગાવવાનું સાધન
(૪) ગાડાના પૈડાની વચ્ચેનો ભાગ

**37. નીચેના વિકલ્પો પૈકી "પાણિ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) વેપારી (૨) ભગવાન શિવ (૩) હાથ (૪) જળ

**38. નીચેના વિકલ્પો પૈકી "પ્રાસાદ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) ભગવાનનો ભોગ (૨) મહેલ (૩) કૃપા (૪) લાભ

**39. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) મુમુક્ષુ (૨) મૂમુક્ષુ (૩) મુમુક્ષું (૪) મૂમૂક્ષુ

**40. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) ભૂલભુલામણી (૨) ભુલભુલામણી
(૩) ભૂલભુલામણિ (૪) ભુલભૂલામણી

**41. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) હુંડિયામણ (૨) હૂંડિયામણ
(૩) હૂંડીયામણ (૪) હુડીયામણ

**42. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તમારી દલીલ ........... છે.**
(૧) વ્યાજબી (૨) વાજબી (૩) વુઆજબી (૪) વાજબિ

**43. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તારી ........... સાચી હતી તો પાસ કેમ ન થયો?**
(૧) ગણત્રી (૨) ગણત્રિ (૩) ગણતરી (૪) ઘણતરી

**44. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - જેનું ભાવિ ........... હોય તેને શી ચિંતા હોય?**
(૧) ઉજ્વલ (૨) ઊજ્જવલ (૩) ઉજ્જવલ (૪) ઊજ્વલ

**45. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તે નાપાસ થતા જ ......... થઈ ગયો છે.**
(૧) સુનમૂન (૨) સુનમુન (૩) સૂનમૂન (૪) શુનમૂન

**46. "મૃગાંક" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) તુરંગ (૨) અનસ (૩) આગાર (૪) ચંદ્ર

**47. "કામદેવ" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) અરવિંદ (૨) મધુકર (૩) અર્ણવ (૪) મન્મથ

**48. "અંગના" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) સાગર (૨) સ્ત્રી (૩) આકાશ (૪) અંગત

**49. "પુરંદર" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) ઇન્દ્ર (૨) વરૂણ (૩) કામદેવ (૪) યક્ષ

**50. "હુતાશન" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) પાવક (૨) પરોઢ (૩) પવિત્ર (૪) યાત્રી

**જવાબો :**

**(૧) ૧ (૨) ૩ (૩) ૪ (૪) ૧ (૫) ૧ (૬) ૧ (૭) ૪ (૮) ૩ (૯) ૧ (૧૦) ૧ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૨ (૧૪) ૨ (૧૫) ૩ (૧૬) ૪ (૧૭) ૧ (૧૮) ૨ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૪ (૨૨) ૧ (૨૩) ૨ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૪ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૩ (૩૩) ૧ (૩૪) ૨ (૩૫) ૧ (૩૬) ૧ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૨ (૪૧) ૨ (૪૨) ૨ (૪૩) ૩ (૪૪) ૩ (૪૫) ૩ (૪૬) ૪ (૪૭) ૪ (૪૮) ૨ (૪૯) ૧ (૫૦) ૧**